
# हरिस्मृति

year : 3, volume. 1
January-february 2020
Retails copy Rs. 10/-



દિવ્ય દશાબ્દી મહોત્સવ પ્રસંગે રાત્રિધૂન માટે પ્રસ્થાન કરતા સંતો-ભક્તો







તા. ૫/૧/૨૦૨૦ ના રોજ ગુણાતીત પરિવાર સ્નેહમિલન પ્રસંગે કથા કરતા પૂ. ગુરુજી તથા કથા શ્રવણ કરતા શ્રોતાગણ.





દિવ્ય દશાબ્દી મહોત્સવ નિમિત્તે દર શનિવારે ભક્તોના નિવાસ સ્થાને થતી રાત્રિધૂનની દિવ્ય સ્મૃતિઓ.

new tab

હરિસ્મૃતિ


હરિસ્મૃતિ year : 3, volume. 1, January-february 2020. દર મહિનાની ૧૫ મી તારીખે પ્રકાશિત થતો અંક

હરિસ્મૃતિ સંસ્થાપક :- પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

હરિસ્મૃતિ તંત્રી :- સાધુ ધ્યેયસ્વરૂપદાસજી

હરિસ્મૃતિ માલિક - પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ ટ્રસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ

હરિસ્મૃતિ લવાજમ દર :- છુટક કિંમત : રૂા.૧૦/-, વાર્ષિક : રૂા.૧૦૦/-, બે વર્ષ : રૂા.૧૭૫/- પંચ વાર્ષિક : રૂા.૩૫૦/-, વીસ વર્ષ : રૂા.૭૫૦/-

હરિસ્મૃતિ પ્રકાશન તથા પત્ર વ્યવહાર :- 'હરિસ્મૃતિ' મેગેઝીન કાર્યાલય શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સહજાનંદ ચોક, વેડરોડ, સુરત. - ૩૯૫૦૦૪ મો. નં. :- ૯૬૦૧૨ ૮૧૭૦૪

હરિસ્મૃતિ મુદ્રક :- ઓમ આર્ટ - સુરત




## અનુક્રમણિકા


૪ કથામૃતમ્

૬ દ્રઢતા તેની રે... (ભાગ - ૪)

૮ આપણા સાંસ્કૃતિક પ્રતિકો 'માળા'

૧૦ સમજણના સથવારે

૧૬ વ્હાલી વસંત પંચમી

૧૮ પળે પળે પુરે પરચા

૨૦ ભગવાને આપેલી ભેટ

૨૨ સંસ્થા સમાચાર






Customize

પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામીએ પરિવારસભામાં કરેલ કથામાંથી સંકલિત

About = Sutra: 20, example: 4, Lines: 85, Words: 845, Characters: 4681.

➯ વ્હાલા ભક્તો ! આપણા બહુ મોટા ભાગ્ય છે કે, આપણને આ સત્સંગ મળ્યો છે.

➯ હવે તો આનંદમાં રહીને મહારાજની એકોએક આજ્ઞા પાળવી.

➯ વચનામૃત અને શિક્ષાપત્રી પાળવાથી મહારાજનો રાજીપો મળે છે.

➯ એક પરમ મુમુક્ષુને કેવો રોલ ભજવવો જોઈએ ? - તે બતાવતા મહારાજ પોતાના અંગની વાત ગ.મ.૩૩માં કરે છે.

➯ નિષ્કામી વર્તમાન ધારી દુર હોય તો પણ મહારાજને સમીપ છે.

➯ આ જીભ રોજ નવું નવું માંગે છે; વળી જીભે ઘી લાગ્યું હોય તો સાફ કરવા સાબુ-પાવડર દેવો પડતો નથી.

➯ નિત્ય અભ્યાસ રાખીએ તો સ્વભાવ ટળે.

➯ 'અમને તો જે પદાર્થમાં હેત જણાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય' એ મહારાજનો મત છે. જ્યારે આપણને તો જે પદાર્થની ઈચ્છા હોય તે મળે ત્યારે સૂખ થાય એ આપણો મત છે.

➯ ભગવાન વિના જે પદાર્થની ઈચ્છા કે પ્રાપ્તિ થાય તેનો ત્યાગ કરે ત્યારે સુખ થાય તેને "મુમુક્ષુ" કહેવાય.

➯ જેવું દેહના સબંધમાં હેત છે. તેવું આત્માના સબંધી એવા ભગવાન, સંતો તથા હરીભક્તોમાં હેત થાય તો તે કૃતાર્થ થઈ જાય.

➯ લોહીનો સબંધ હોય ને હેત ટાળવું કઠણ છે. એટલે તો મહારાજે અં.૩૮ માં 'છ'વાનામાં બે બાબત બતાવી છે કે, (૧) કુસંગીમાં હેત રહી જાય; (૨) સબધીમાં હેત હોય - આ બાબત જીવતે કે મરીને સૂખ ન લેવા દે.

❀ અં. ૩૯માં મહારાજ કહે છે કે 'જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પિવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બાહેર નીકળી ગયાં' - તે બાબતમાં કોઈ રામઉપાસકે પૂછ્યું કે, 'રામાયણમાં આવી કોઈ બાબત નથી. વચનામૃતમાં આવું કેમ લખ્યુ છે ?'

ત્યારે ચરાડવાના ગોપાલચરણદાસજી સ્વામીએ કહ્યું, 'તમે રામાયણની બધી ટીકાઓમાં તપાસ કરો. તેમાં જોવા મળશે. પછી રામાયણની ૪૯ ટીકામાંથી એક ટીકા આ બાબત જોવા મળી.

➯ સ્વામિનારાયણ ભગવાન જે કહે તેમાં કાનામાતરનો ફેર ન હોય.

➯ આ નિષ્કામી વર્તમાન, સમર્પણ ભાવ વગેરે દાદાખાચર, જીવુબા, લાડુબા વગેરે એભલપરિવારમાં અતિશય સુદ્રઢ હતો. તેથી મહારાજ સત્સંગ વિચરણમાં અન્ય સ્થાને ગયા હોય તે સમયગાળો બાદ કરતા કુલ ૧૫ વર્ષ અને ૬ મહિના ગઢડા દાદાખાચરના દરબારમાં રહ્યા.

➯ કોઈ દેશકાલે અંતસમે ભક્ત કદાચીત્ ભગવાનને ભૂલી જાય પણ ભગવાન ભક્તને ભૂલતા નથી કારણ કે, ભગવાનનો સબંધ પોતાના

ભક્ત સાથે છે.

➥ વચનામૃતમાં મહારાજ જણાવે છે, 'અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય અને જો મોટા પુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય. અને મોટાને વિષે ક્રોધી લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય. અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.'

❋ જૂનાગઢના ચકુભાઈ નગર બહુ સ્વાદીયા. તેથી ઘરમાં દરરોજ માથાકુટ થાય. પણ એકવાર ગુણાતીતાનંદસ્વામીને છાશ અને રોટલો જમતા જોઈને ગુણ આવ્યો કે, 'આવા મોટા મંદિરના મહંત ને વળી છાશ રોટલો જ જમે છે !' આમ ગુણ લીધો તો તેનો રસાસ્વાદ ઊડી ગયો.

ઘરે આવ્યા; જમવા બેઠા. પણ પત્નિને આશ્ચર્ય; 'આજે કેમ ફ્યુઝ ઉડી ગયો હોય તેમ, કેમ કાંઈ બોલતા નથી ?' પછી ધીમે રહીને પૂછતા ચકુભાઈએ વિગતે વાત કરી. માટે મોટાપુરુષનો ગુણ લેવાથી દોષો ટળે.

➥ સ્વાદે કરીને તો ઘરોઘર રોજ માથાકુટ થતી હોય છે.

➥ આજના છોકરાઓ પોતાના મા-બાપના વર્તન પરથી શીખે છે.

➥ તુલસીદાસ કહે છે કે,

પરધન પથ્થર જાણીએ, પરસ્ત્રી માત સમાન;
ઈતને મેં હરી ના મિલે, તો તુલસીદાસ જમાન.

➥ અત્યારે ટેકનોંલોજીના સાધનોનો ઉપયોગ કરવામાં ધ્યાન રાખવું જોઈએ.

નહીતર મન ધીરજ ન રાખે.

➥ આ બધી બાબતોનું ધ્યાન ન રાખીએ તો જમના ધોકા ખાવા પડે.

❋ જુઓને ! પુતળી ડોશીએ શ્રી રામાનંદ સ્વામીને ભેટ આવેલું ઘરેણું પાછુ ન આપ્યું તો સારા ભક્ત હોવા છતા ગુરુનું ધન ઓળવ્યું હોવાથી 'કુંભિપાક' નરકમાં પડ્યાં.

➥ જે નિષ્કામધર્મ પાળતા હોય તે કોઈ પરોક્ષનાં ભક્ત હોય કે કોઈ બહારવટીયો હોય છતાં પણ મહારાજ તેમને સામેથી દર્શન આપતા.

❋ ગામ વાંઢીયામાં દેવજી ઠક્કર નામના પરોક્ષના દૃઢ નિષ્કામ ધર્મ પાળતા ભક્તરાજ રહેતા. તેના પત્નીનું નામ આમલીબેન હતું. આ પવિત્ર દંપતિ ભગવાન મેળવવા સો જન્મથી દૃઢ નિષ્કામવ્રત રાખી ભગવાનની ભક્તિ કરતા. તેમના નિષ્કામવ્રતથી ખેંચાઈને શ્રીજીમહારાજ મૂળજી બ્રહ્મચારીને સાથે લઈ સામેથી તેને ઘેર પધાર્યા.

ભગતે તો હર્ષઘેલા થઈ મહારાજને પોતાની દુકાનમાં પધરાવ્યા. મહારાજના દર્શન થતા આ પવિત્ર દંપતિને સમાધિ થઈ.

આ જોઈ મુળજી બ્રહ્મચારીએ પૂછ્યું, "હે મહારાજ ! આ ભક્તે એવા શું પુણ્ય કર્યા હશે, જેથી અનંત કોટિ બ્રહ્માંડના માલિક તમે દયા કરીને સામે ચાલીને અહીંયા પધાર્યા અને મોટા યોગીને દુર્લભ એવી જે અક્ષરધામની સમાધિ કેવળ દયાએ કરીને કરાવી ?"

શ્રીજી મહારાજે કહ્યું, ત્રેતાયુગમાં જ્યારે શ્રીરામચંદ્રજીએ જન્મ લીધો તે દિવસથી આ પતિ-પત્નીએ અગ્નિ, સૂર્ય અને બ્રાહ્મણની સાક્ષીએ વ્રત લીધું હતું કે, "જ્યારે ભગવાન પ્રત્યક્ષ દર્શન આપે ત્યારે જ બ્રહ્મચર્યની


અનુસંધાન પેજ નં. ૧૫ પર..

# દ્રઢતા તેની રે... (ભાગ - ૪)

સાધુ અમૃતજીવનદાસ ગુરુ :- પ. પૂ. સદ્. શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

વ્હાલા ભક્તો ! 'ગઢડા મધ્ય પ્રકરણના ૫૯'ના વચનામૃતમાં સ્વયં મહારાજે જેમને યાદ કર્યા છે. એવા હરિભક્તોના જીવનમાં આપણે ડોકીયું કર્યુ. આજે આપણે 'બોચાસણના કાશીદાસ'ના હૃદયમાં શ્રીજીમહારાજ પ્રત્યે રહેલ અગાધ નિશ્ચય વિશે જોઈશું.

તેમને સ્વરુપનિષ્ઠાનું અતિદૃઢ બળ હતું. એથી એ કોઈપણ મંત્ર-જંત્ર કે કામણટુમણથી અથવા ક્ષુદ્ર દેવ-દેવીથી જરા પણ ડરતા નહિ. તેની જાણ એક હરિદાસ નામના બાવાને થઈ કે, 'આટલામાં કાશીદાસની પ્રતિષ્ઠા સારી છે માટે તેને મંત્રથી વશ કરી શિષ્ય બનાવી લેવો જોઈએ.'



હરિદાસ બાવો ભારે ઠાઠ-માઠ સાથે ગુજરાતમાં ફરતો. તે મંત્ર-જંત્ર બહુ જ જાણતો તેથી લોકો તેનાથી ભય પામી દૂર ભાગી જતા. મંત્રની મેલી સાધનાથી તેણે અનેક લોકોને વશ કર્યા હતા.

એકવાર તે બોચાસણ આવ્યો અને કાશીદાસ ઉપર એક પછી એક મંત્ર-જંત્રનો પ્રયોગ કરવા લાગ્યો. પોતાના દરેક મંત્ર, તંત્ર, જંત્ર, કામણ-ટુંમણના અનેકવાર પ્રયોગ કર્યા; કેટલીય વાર મૂઠો નાખી, છતાં પ્રભુ કૃપાથી કાશીદાસને કંઈપણ અસર થઈ નહિ.

ત્યારે અત્યંત ક્રોધના આવેશમાં તેણે પોતાનો છેલ્લામાં છેલ્લો જીવલેણ પ્રયોગ કાશીદાસ ઉપર કર્યો. મલીન મંત્ર બોલી જોરથી જટા ધુણાવી 'મહાકાળી ! મહાકાળી ! મહાકાળી !' - એમ ત્રણ વખત બોલ્યો ત્યાં તો એક નાની બાળકી તે બાવા પાસે હાજર થઈ. બાવે ભ્રકૂટિ ચડાવી હાકલ મારી કે, 'શું જોઈ રહી છે ? કાશીદાસને ભરખી જા.'

પછી તે શક્તિ કાશીદાસ તરફ ગઈ. પરંતુ કાશીદાસે મહાપ્રભુ સ્વામિનારાયણનું સ્મરણ કરતાં કરતાં જરા તેના તરફ કરડી નજરે જોયું. ત્યાં તો તે 'સ્વામિનારાયણ' મહામંત્રના તેજથી બળવા લાગી. તુરંત ત્યાંથી ભાગી અને અચાનક તે બાવા ઉપર પડી અને ત્યાને ત્યા જ તેનું પ્રાણ પંખીડું ઉડી ગયું અને આ દૃશ્ય જોઈ તેના ચેલાઓ પણ ભાગી ગયા.

આ પ્રમાણે પોતાના પાપના ફળરૂપે બાવાનું તત્કાલ મૃત્યુ થયું. અને તેથી તેના ત્રાસથી પીડાતા અનેક લોકોને પણ શાંતી મળી.

તેમજ એકવાર કાશીદાસે બીજા વ્યાપારી સાથે ભાગીદારીમાં વ્યાપાર કરેલો તેમાં પૈસા બાબત મોટો વાંધો પડ્યો. સામા વ્યાપારીએ કોર્ટમાં કેદની સજા કરાવી કાશીદાસને જેલમાં પુરાવ્યા.

કાશીદાસ ધર્મ-નિયમની અચલ દૃઢતાવાળા એકાંતિક ભક્ત હતા. તેથી નહાયા-ધોયા વિના એમણે સાત-સાત દિવસ સુધી જેલમાં અન્ન-જળ લીધું નહિ અને અહોરાત્રિ અખંડ ભજન કર્યું.

એ વખતે ગઢપુરમાં સમૈયો હતો એટલે કાશીદાસ વારંવાર શ્રીહરિનું સ્મરણ કરી આર્તસ્વરે પ્રાર્થના કરતા હતા કે, "હે પ્રભુ, મને આપનાં દર્શનનો લાભ નહિ મળે ? અહો ! એ મનોહર મૂર્તિનાં ક્યારે દર્શન થશે !

સમૈયામાં અનેક સાધુ-સત્સંગીઓનાં દર્શન એક સાથે થાય, શ્રીહરિની અમૃતવાણીનું શ્રવણ થાય અને ભવબ્રહ્માદિકને પણ મહા દુર્લભ એવો અમૂલ્ય પ્રસાદ શ્રીહરિ મને પોતાને હાથે આપત. શ્રીહરિ મારી ઉપર હાથ મૂકત અને હું શ્રીહરિની ચરણની સેવા કરત. અરેરે ! એ દિવ્ય સુખનો મહાઅલૌકિક અદ્ભુત આનંદ આજે મારા ભાગ્યમાં શું નહિ મળે ? - આ રીતે કાશીદાસ શ્રીહરિની વિરહવ્યથામાં એવા તલ્લીન થઈ ગયા હતા કે, 'પોતે ક્યાં છે ? એનો પણ ખ્યાલ તેને ન રહ્યો.'

ત્યારે બીજી બાજુ જેલના અધિકારીએ વિચાર કર્યો કે, "આ કાશીદાસ મરી જશે પણ નહાયા સિવાય અન્ન-જળ નહિ લે. આજ સાત દિવસથી તેણે અન્ન-જળ લીધું નથી માટે એ બે પોલીસ સાથે ખેડી નદીમાં ભલે સ્નાન કરી આવે."

પછી બે પોલીસ સાથે તે નહાવા ગયા. પોલીસો પાસે બેઠા અને કાશીદાસ પાણીના ધરામાં ઉતરી નહાવા લાગ્યા. પણ એમની મનોવૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં જોડાઈ ગઈ હતી. પાણીમાં ડૂબકી મારી, કાશીદાસ બહાર નીકળ્યા ત્યાં તો ઘેલા નદી !!! આથી એમના આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહિ. પછી કાશીદાસ દાદાના દરબાર તરફ ચાલી નીકળ્યા.

એ સમૈયામાં કાશીદાસના માતાપિતા દર્શન કરવા આવ્યા હતા તેને મહારાજે પૂછ્યું કે, "કાશીદાસ દર્શન કરવા કેમ નથી આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું, "કાશીદાસને માથે તો મોટી આફત આવી છે અને અત્યારે એ જેલમાં છે."

આ પ્રમાણે વાત કરે છે; ત્યાં તો કાશીદાસ આવીને સભામાં શ્રીહરિને દંડવત પ્રણામ કરવા લાગ્યા આથી એમના માતાપિતા ખૂબ આશ્ચર્ય પામ્યા.

પછી સમૈયો સમાપ્ત થયો અને સૌ પોતપોતાને ઘેર ગયા પણ કાશીદાસ ગયા નહિ. મહારાજે તેમને પૂછ્યું કે, 'તમે કેમ ઘેર જતા નથી ?' ત્યારે કાશીદાસે કહ્યું - "હું ત્યાં જઈશ એટલે તુરત જ પકડીને જેલમાં પુરી દેશે" મહારાજે કહ્યું, "ઘેર જાઓ, તમારી રક્ષા અમે કરીશું." પછી કાશીદાસ શ્રીહરિની આજ્ઞાથી ઘેર ગયા.

સામાવાળાને ખબર મળ્યા એટલે તેણે સરકારને જાહેર કર્યું તેથી કાશીદાસને ખેડા બોલાવવામાં આવ્યા અને અમલદારોએ પૂછ્યું કે, "કાશીદાસ, જેવી હોય તેવી સાચી વાત કરજો. તમે નદીમાંથી શી રીતે ભાગી ગયા હતા ?" કાશીદાસે કહ્યું, "હું ભાગી ગયો ન હતો, પણ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ખેડી નદીમાં ડૂબકી મારી ત્યાં ગઢપુર ઘેલા નદીમાં નીકળ્યો. આ વાત સાચી છે. આપને મનાય કે ન મનાય. જ્યારે પ્રભુ કૃપા કરે ત્યારે અશક્ય બાબત પણ શક્ય બની જાય. અને જો હું ભાગી જ ગયો હોઉં તો પાછો ઘેર આવું જ શા માટે ?"

અમલદારોએ કાશીદાસની વાત ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખી સામાવાળાને કહી દીધું કે, "કાશીદાસ સાચો ભક્ત છે માટે સ્વામિનારાયણે તેની રક્ષા કરી. આવો માણસ ક્યારેય ખોટો વ્યવહાર કરે નહિ. તમે લોકો જ પ્રપંચી છો. માટે કેસ કાઢી નાખવામાં આવે છે.' આ રીતે શ્રીહરિની કૃપાથી કાશીદાસની આબરુ જળવાઈ રહી અને વિપત્તિ દૂર થઈ.

એટલે જ તો ગઢડા મધ્ય પ્રકરણના ૫૯'ના વચનામૃતમાં મહારાજ કહે, 'જેને પૂર્વજન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ.

સાધુ અચલસ્વરૂપદાસ ગુરુ :- પ. પૂ. સદ્. શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

About = Paragraphs: 27, Lines: 86, Words: 818, Characters: 4485.

ગતાંકથી ચાલુ

વ્હાલા ભક્તો ગતાંકમાં આપણે માળા વિશે જોયું; આજે આપણે માળામાં જોવા મળતા ૧૦૮ જ મણકા કેમ ? - તે વિશે જોઈશું !!!

દરેક સાધક મંત્રજપ માટે માળાનો ઉપયોગ કરતો હોય છે. કારણકે માળા એ સાધક માટે સાધનાનું અનેરૂ સાધન છે. આપણે જે માળા ફેરવીએ છીએ તેમાં ૧૦૮ મણકાઓ હોય છે. પ્રશ્ન એ થાય કે, આ માળામાં ૧૦૮ મણકા જ કેમ ? ૧૦૯ કે ૧૦૭ કેમ નહિ ? કે અન્ય કોઈ સંખ્યા કેમ નહિ ?

આપણા ઋષિમુનિઓએ મણકાની સંખ્યા ૧૦૮ રાખી છે તેની પાછળ ઘણા રહસ્યો છુપાયેલા છે. જે જ્યોતિષ, શારીરિક તેમજ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ આધારીત છે.

૧૦૮ મણકાનું રહસ્ય :

૧) નક્ષત્રમાળાના આધાર ઉપર આ માળા બની છે. જ્યાં માળાના બંને છેડા ભેગા થાય છે એ સ્થાનના સર્વોચ્ચ મણકાને 'સુમેરુ' કહેવામાં આવે છે. જેમ કે, બ્રહ્માંડની નક્ષત્રમાળાના પણ બંને છેડા જ્યાં ભેગા થાય છે; એ સ્થાનને પણ 'સુમેરુ પર્વત'ના નામથી જ પુરાણોમાં વર્ણવવામાં આવ્યું છે. એટલે જપમાળાને નક્ષત્રમાળા, એ બંનેના સંયોજન સ્થાનને 'સુમેરુ' કહેવામાં, બંનેની એકતાનું પણ અનુમાન કરી શકાય છે.

નક્ષત્રો સત્તાવીશ છે. અને ચારેય દિશામાં હોવાથી તેના ચાર પેટા પ્રકારો પડે છે. માટે પેટાપ્રકારો સતિ નિર્દેશ કરવા માટે ૨૭ ને ૪ વડે ગુણતા ૧૦૮ સંખ્યા મળે છે. આ આંકનું સુચન કરવા ૧૦૮ મણકાની માળા બનાવવામાં આવે છે.

૨) અષ્ટધા પરા પ્રકૃતિમાંથી જગતનું નિર્માણ થાય છે.અને અંતે તેમાં લય પામે છે.જીવ એ અપરા પ્રકૃતિ છે. તે પરાપ્રકૃતિ પર વિજય મેળવે ત્યારે જ તેનો મોક્ષ થાય છે. આ ખ્યાલનું પણ જપમાળાની સંખ્યામાં અનુસંધાન રાખવામાં આવ્યુ છે.

સૃષ્ટિ રચનાના સિદ્ધાંત પ્રમાણે જોઈએ તો અવ્યક્તાદિ પદાર્થોના ગુણો તેના પરવર્તી (પછીના) પદાર્થો પ્રાપ્ત કરે છે. અને તેમાથી જે વિકાર જેટલા ગુણોને ધારણ કરે તેટલા ગુણોવાળો તે ગણાય છે.આ દૃષ્ટિએ અષ્ટધા પ્રકૃતિમાં

અવ્યકત, મહત્, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ, ભૂમિ, અને જગતને ધારણ કરનાર પ્રકૃતિ. બધા મળીને ૫૪ ગુણાત્મક સંખ્યા થઈ. તે સૃષ્ટિ ક્રમ થયો તેનાથી વિપરીત પ્રલયક્રમે પણ ૫૪ થાય. સૃષ્ટિ - પ્રલય બન્ને મળીને ૧૦૮ ની સંખ્યા થાય.

૩) જ્યોતિષ શાસ્ત્રાનુસાર ૯ ગ્રહો છે અને ૧૨ રાશીઓ છે. ૧૨*૯=૧૦૮. જે સંપુર્ણ સૃષ્ટીનું પ્રતિનિધિત્વ કરે છે.

૪) ચુડામણિ ઉપનિષદ્ અનુસાર મનુષ્ય ૨૪ કલાકમાં ૨૧,૬૦૦ શ્વાસ લે છે. ૨૪ કલાકમાંથી ૧૨ કલાક દૈહિક અને લૌકિક ક્રિયાઓ પાછળ વપરાય છે. બીજા ૧૨ કલાક પ્રભુભજન, સ્વકલ્યાણ માટે છે. એ ૧૨

કલાકમાં ૧૦,૮૦૦ શ્વાસ લેવાય છે. શ્વાસોશ્વાસે મંત્રજપ થાય એ જરૂરી છે. ૠષિઓએ ઉકેલ શોધ્યો કે, ઉપાંશુ જપનું (મનમાં - જીભનું હલનચલન ન થાય તે રીતે મંત્રજપનું) ૧૦૦ ગણુ ફળ છે.

દરરોજ ૧૦૮ મણકાની એક માળા ઉપાંશુ જપથી ફેરવે તો ૧૦૮ ગુણ્યા ૧૦૦ = ૧૦,૮૦૦ મંત્ર જપ થાય જે ૧૨ કલાકના શ્વાસની બરાબર છે. આ હેતુથી ૧૦૮ મણકાની માળાનું નિર્માણ થયુ.

૫) યોગશાસ્ત્રાનુસાર આપણા શરીરમાં ૧૦૮ ઊર્જાકેન્દ્રો કાર્યરત છે.

સુર્યનો વ્યાસ તથા ધરતી અને સુર્ય વચ્ચેનું અંતર ૧૦૮ ગણુ છે. ચંદ્રનો વ્યાસ તથા પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૧૦૮ ગણુ છે. પૃથ્વીનો વ્યાસ અને સુર્યનો વ્યાસ ૧૦૮ ગણો છે.

આમ, પ્રકૃતિ માટે ૧૦૮ અંક કંઈક ખાસ છે. માટે ૠષિઓએ માળાના મણકાની સંખ્યા ૧૦૮ રાખી છે.

## વચલી આંગળીથી શા માટે ફેરવવામાં આવે છે ?

માળા મધ્યમા આંગળીના મધ્ય પાર્શ્વ પર ફેરવવામાં આવે છે. આજનું વિજ્ઞાન પણ સાબિત કરે છે કે વચલી આંગળીની નસને હૃદય સાથે સીધો સંબંધ છે. અને અંગુઠાની નસને મગજ સાથે સંબંધ છે. અને પરમાત્માં આપણા હૃદયમાં અંતર્યામીરૂપે રહેલા છે એમ આપણા શાસ્ત્રે કહે છે.

हृदि तिष्ठद्दशांगुलम् (यजुर्वेद ३१)

हृद्देशेऽर्जुन तिष्ठति ।

ભગવાનનું મુખ્ય નિવાસસ્થાન હૃદય પ્રદેશમાં છે.

સતત માળા ફેરવવાથી માળા અને આંગળી વચ્ચે થતા ઘર્ષણથી એક સુક્ષ્મ ઊર્જા ઉદ્‌ભવે છે. જેનાથી આપણું હૃદય પ્રભાવિત થાય છે અને મગજ શાંત થાય છે. (એનાથી બ્લડ પ્રેશર પણ નોર્મલ રહે છે.)

આ પ્રમાણો અનુસાર હૃદયને પ્રભાવિત કરવાને માટે જાપ થાય છે જે વચલી આંગળીની (મધ્યાંગુલી) ધમનીનો હૃદયપ્રદેશ સાથે સીધો સંબંધ છે. એટલે જાપમાં એનો ઉપયોગ થાય છે.

## ખુલ્લીમાળા ન ફેરવવી

જાપ ગોપનીય છે. માટે શાસ્ત્રોમાં એવુ વિધાન છે કે માળા વસ્ત્રથી ઢાંકીને જ ફેરવવી.

એના માટે ગૌમુખીનો પણ ઉપયોગ કરી શકાય છે.

વ્હાલા ભક્તો ! માળા ફેરવતી વખતે શ્વાસોશ્વાસે 'સ્વામિનારાયણ' મહામંત્રનું ઉચ્ચારણ કરવુ. અને ઉતાવળથી માળા ન ફેરવવી. શાંત ચિત્તથી એકાગ્રતા પૂર્વક માળા ફેરવવી. ભગવાનની મૂર્તિ નેત્ર સમક્ષ રાખી એક એક અંગ નિરખતા માળા ફેરવવી. તો તરત ભગવાનની પ્રસન્નતા મળે છે.

સત્સંગની મા મુક્તાનંદ સ્વામી એ માળા ફેરવવાની અતિ ઉત્તમ રીત કીર્તન દ્વારા બતાવી છે..., ભજો ભાવશું અખંડ જપમાળા...રે...

ઈટાલીમાં એક આશ્ચર્યએ સૌને અવાક કરી દીધા હતા. થોડાં વરસો પૂર્વે, એક યુવતી કોઈ ભારતીય પાસેથી સામવેદની એક ૠચાને સિતાર પર વગાડવાનું શીખી. ખૂબ અભ્યાસ અને રીયાઝ બાદ, એક નદીને કિનારે રેતીના પટ પર તેણે એ રાગ પર સિતારને ઝણકારી. સામવેદની ૠચાને છેડી અને તેમાં લીન થઈ ગઈ.

અનુસંધાન પેજ નં. ૧૫ પર..

# સમજણના સથવારે

બીજાની ભુલ
કાઢવા માટે ભેજું
જોઈએ અને પોતાની ભુલ
સ્વીકારવા માટે કલેજું
જોઈએ.

સુખી
થવા માટે
ત્રણ વસ્તુ યાદ
રાખવી. રડવું નહીં, લડવું
નહીં, અને કોઈને
નડવું નહીં.

अगर कोई आपका
दिल दुखायें तो उसका
बुरा मत लगाना क्योंकि...
ये कुदरत का नियम है -
जिस पैड पर सबसे ज्यादा
मीठे फल होते हैं, उसको
सबसे ज्यादा पथ्थर लगते हैं


Everything
is Easy, When
we are Busy.
But Nothing is
Easy When we
are Lazy.

જીવન
પેન ડ્રાઈવ
નથી કે, મનગમતું
ગીત વગાડી શકાય. જીવન
તો રેડિયો જેવું છે, ક્યારે ક્યું
ગીત વાગે તે ખબર
ન હોય.

જ્યારે
પરિસ્થિતિ
વિપરિત હોય, ત્યારે
પ્રભાવ અને પૈસો નહિ પણ
સ્વભાવ અને સંબંધ કામ
આવે છે.




સુવર્ણ સિંહાસન નિમિત્તે બાલુડા શ્રી હરિકૃષ્ણ મહારાજ એવં વચનામૃતની સુવર્ણ તુલા.



તા. ૩૦/૦૧/૨૦૨૦, શિક્ષાપત્રી જયંતિના દિને શિક્ષાપત્રીનું પઠન એવં પૂજન કરતા સંતો-ભક્તો




તા. ૨૨/૦૧/૨૦૨૦ના દિવસે વિર જવાનોની શૌર્ય ગાથા વર્ણન કરતા અંકિતભાઈ ગઢડા અને ભરતભાઈ વરીયા તેમજ અમર જવાનોના પરિવારોને શૌર્ય સહાય કરવાની પ્રેરણા આપતા પૂ. ગુરુજી.













ધનુર્માસ અંતર્ગત બ્રહ્માનંદ ગાથાની કથા કરતા પૂ. શ્રુતિસ્વરૂપદાસજી સ્વામી તેમજ કથા પ્રસંગે બ્રહ્મમુનિનું પૂજન કરતા પૂ. સંતો.



## ૧૧૧ વાનગીઓ સભર ભવ્ય અન્નકુટ આરોગતા શ્રી રાજાધિરાજ મહારાજ










તા. ૧૨/૦૧/૨૦૨૦ના રોજ પ્રાસાદિક અન્નકુટને જરૂરિયાત મંદ બાળકોને વિતરણ કરતા પૂ. સંતો.



કુંડળધામ ખાતે સ્વામિનારાયણ ભગવાનની આરતી એવં કુંડલેશ્વર મહાદેવનું પૂજન કરી સંત શિબિર તથા સવારની કથામાં રૂડા આશિષ આપતા પૂ. ગુરુજી.



 શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલીમાં બિરાજતા રંગીલા શ્રી ઘનશ્યામ મહારાજના ‘દશાબ્દી મહોત્સવ’ પ્રસંગે સત્સંગિજીવન કથા કરતા વક્તાશ્રી તથા વ્યાખ્યાનમાળાનો લાભ આપતા પૂ. ગુરુજી.

http://www.swaminarayansurat.com/login/magazine/january-february 2020.pdf

પૂર્ણાહુતિ કરી ગૃહસ્થાશ્રમ કરવો. આ રીતે બત્રીસ લાખ વર્ષ સુધી આ ધરા ઉપર જન્મ લઈ બ્રહ્મચર્યનું પાલન કરી શ્રીરામચંદ્રજીનું ભજન કર્યું. તેના પુણ્ય પ્રતાપે અમે સામે ચાલીને અક્ષરધામની સમાધિ કરાવી છે.

પેજ નં. ૫ નું ચાલુ..

થોડીવાર પછી શ્રીજી મહારાજે કરુણાદૃષ્ટિ કરી તેમને સમાધિમાંથી જગાડ્યા. તેઓએ અનંતકોટિ રામકૃષ્ણાદિક અવતારોને શ્રીજી મહારાજની સેવામાં દેખાડ્યા. આવા પ્રત્યક્ષ અનુભવથી તેમને શ્રીજીમહારાજ સર્વોપરી સર્વે અવતારના અવતારી છે; એવી પ્રતીતિ થઈ. ત્યારબાદ તેઓ શ્રીજીમહારાજના આશ્રિત થયા. શ્રીજી મહારાજે તેમને ગૃહસ્થાશ્રમી બનીને સંસારમાં રહેવાની આજ્ઞા કરી. આવા ટેકિલા નિષ્કામી વ્રતધારી આમલીબેન અને તેના પતિ દેવજીભગતની શ્રદ્ધા અને ટેકથી રાજી થઈને ભગવાન સ્વામિનારાયણ સામે ચાલીને તેના વ્રતનું ફળ દેવા પધાર્યા.

☞ આપણા સંપ્રદાયમાં ઘણા-બધા સ્ત્રી-પુરુષ બ્રહ્મચર્ય પાળે છે. આ કળિયુગમાં સતયુગ છે. સ્વામિનારાયણ ભગવાનના બળે શક્ય છે.

પેજ નં. ૯ નું ચાલુ..

તેને એ જોતાં ખૂબ આશ્ચર્ય થયું કે, 'ત્યાં રેતી પર આપોઆપ કંઈક આકૃતિ દોરાઈ હતી.' તેણે વિદ્વાનોને આ વાત જણાવી. વિદ્વાનોએ આ આકૃતિનો ફોટોગ્રાફ લીધો. ચિત્ર વીણા-પુસ્તકધારિણી સરસ્વતી દેવીનું નીકળ્યું! ત્યાર પછી જ્યારે જ્યારે એ યુવતી તન્મય થઈને આ ઋચાને છેડતી, ત્યારે ત્યારે આ ચિત્ર આપોઆપ સામે કંડારાઈ જતું !

પશ્ચિમના અનેક વિજ્ઞાનીઓએ વખતો વખત આ બાબતનું નિરીક્ષણ કરીને એ સાબિત કર્યું છે કે, 'ચોક્કસ મંત્રને ચોક્કસ પદ્ધતિથી રટવામાં આવે તો ચોક્કસ પ્રકારની આકૃતિ રચાય છે !'

વિજ્ઞાનના આ જ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને ભારતીય ઋષિવર્યોએ 'જપયોગ'ની શોધ કરી હતી. પરમાત્માના સાક્ષાત્કાર માટે જપ-નામસ્મરણ એક મુખ્ય સાધન એમના મતે હતું.

પેજ નં. ૧૭ નું ચાલુ..

એવી જ રીતે શ્રી સ્વામિનારાયણ મંદિર વેડરોડ સુરત દ્વારા પ.પુ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામીના સાનિધ્યમાં ઘણા બધા ગરીબોને અન્ન, વસ્ત્ર, શિક્ષણભેટ વગેરે ઘણીબધી સેવાઓ વિવિધ ઋતુ પ્રમાણે વિવિધ સામાજિક સેવાઓ કરવામાં આવે છે.

વાહલા ભક્તજનો, આજ દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલ ખાતે શ્રી હરીમંડપમાં દરેક ભક્તોના સુખને અર્થે 'શિક્ષાપત્રી' નામનો અજોડ ગ્રંથ લખ્યો જે શ્રીહરીનું સ્વરૂપ ગણાય છે અને હા, શ્રીજી મહારાજનો બાંધેલો વસંતપંચમીનો સમૈયો આજ સુધી પણ મુળી ધામ ખાતે થઈ રહ્યો છે.

આવી રીતે આપણા મંદિર ખાતે પણ આ વસંત પંચમીના દિવસે સવારે બ્રહ્મભીના વાતાવરણમાં મહારાજના વાઙ્મય સ્વરુપ 'શિક્ષાપત્રી'નું ભાવ પૂર્વક પાઠપૂજન થયું.

Harismruti

# વહાલી વસંત પંચમી

All Images Maps Videos News More Settings Tools

સાધુ વેદસ્વરૂપદાસ ગુરુ :- પ. પૂ. સદ્. શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

About = Paragraphs: 18, Lines: 93, Words: 797, Characters: 4640.

વ્હાલા ભક્તજનો ! મહાસુદ પાંચમ એટલે 'વસંત પંચમી'. પ્રાચીન ભારતમાં અને નેપાળમાં વસંત એ છ સીઝનમાં લોકોની સૌથી ઈચ્છનીય સીઝન છે. આ સમયે ફૂલો ખીલે છે, ત્યારે ખેતરોમાં સરસવનું સોનું ચમકવા લાગે છે. કેરીના ઝાડ ખીલતા વસંતઋતુના આગમનની પ્રારંભિક તૈયારીને ચિન્હિત કરે છે.

જે લોકો ભારતીય ઉપખંડમાં આ ઋતુમાં ક્ષેત્રના આધારે વિવિધ રીતે ઉજવે છે. વસંત પંચમી પર હોળીની તૈયારીની શરૂઆત પણ કરે છે, જે ચાલીસ દિવસ પછી થાય છે. પંચમી પર વસંત ઉત્સવ વસંતઋતુના ચાલીસ દિવસ પહેલા ઉજવવામાં આવે છે; કારણ કે, કોઈ પણ ઋતુનો સંક્રમણ સમયગાળો ૪૦ દિવસોનો હોય છે અને તે પછી મોસમમાં સંપુર્ણ મોર આવે છે.

આ તહેવાર ભૂતકાળની ઘણી પ્રેરણાદાયી ઘટનાઓની યાદ અપાવે છે.

વાહલા ભક્તો, સૌ પ્રથમ તે આપણને ત્રેતાયુગ સાથે જોડે છે. રાવણ દ્વારા સીતાના અપહરણ પછી રામ તેમની શોધમાં દક્ષિણ તરફ આગળ વધતાઘનઘોર વનમાં શબરી નામની ભિલણી રહેતી હતી. જ્યારે રામ તેની ઝુપડીમાં આવ્યા ત્યારે તેનું મનહરી લીધું વીણેલા મીઠા બોર રામજીને ચાખવાનું કહ્યું. ત્યારે રામ ભગવાને તે બોરનો સ્વીકાર કર્યો.

ગુજરાતના ડાંગ જિલ્લામાં તે જગ્યા છે, જ્યાં 'શબરીબાઈ'નો આશ્રમ હતો. વસંત પંચમીના દિવસે ત્યાં રામચંદ્રજી આવ્યા હતા. તે વિસ્તારના વનવાસીઓ આજે પણ તે શીલાની પૂજા કરે છે, જેના વિશે તેઓની શ્રદ્ધા છે કે, 'શ્રીરામ અહીં આવીને અહીં બેઠા હતા.' તે જગ્યાએ હાલમાં શબરી માતાનું મંદિર છે.


વસંત પંચમીનો દિવસ પૃથ્વીરાજ ચૌહાણની પણ યાદ અપાવે છે. તેને વિદેશી આક્રમણ કરનાર મોહમ્મદ ઘોરીને ૧૬ વાર પરાજિત કર્યો મોહમ્મદ ઘોરીએ ભારત પર આક્રમણ કર્યુ અને તે જીતતો ગયો. જ્યારે એ જીતતા-જીતતા પૃથ્વીરાજ ચૌહાણના રાજ્યની સીમા સુધી આવી ગયો તો પૃથ્વીરાજ ક્રોધે ભરાયો. ઘોરી સાથે લડવા પૃથ્વીરાજે સેના તૈયાર કરી અને બંને તરાઈન નામની જગ્યાએ એકબીજા સાથે યુધ્ધ કરવા લાગ્યા. પૃથ્વીરાજે તરાઈનના પહેલા યુધ્ધમાં ઘોરીને પાછળ ભાગવા મજબૂર કરી દીધો. પૃથ્વીરાજની જીત થઈ પરંતુ બીજા વર્ષે ૧૧૯૨માં ઘોરી ફરી મેદાનમાં આવ્યો અને આ વખતે જીત ઘોરીની થઈ. પૃથ્વીરાજને બંદી બનાવવામાં આવ્યા. ઘોરીની વિરુધ્ધ લડાઈમાં જયચંદ્ર મદદ ન કરત તો બની શકતુ કે વાત કઈક જુદી હોત.

પૃથ્વીરાજના દરબારી કવિ અને મિત્ર ચંદબરદાયુએ 'પૃથ્વીરાજ રાસો'માં જણાવ્યુ એ પ્રમાણે તેઓએ લખ્યુ કે, 'જ્યારે પૃથ્વીરાજ ઘોરમાં બંદી હતા ત્યારે એકવાર હુ તેમને મળવા ગયો. ત્યાં સુધી તો મોહમ્મદ ઘોરીએ તેમને આંધળો બનાવી દીધો હતો. ત્યારબાદ મેં અને પૃથ્વીરાજે મળીને ઘોરીને મારવાની યોજના બનાવી. એક દિવસ જ્યારે પૃથ્વીરાજને દરબારમાં લાવવામાં આવ્યા તો મે કહ્યુ,

ચાર વાંસ ચોવીસ ગજ, અંગુલ અષ્ટ પ્રમાણ;
તા ઉપર સુલ્તાન છે, ન ચૂક ચૌહાણ.

આ અંદાજથી પૃથ્વીરાજે શબ્દવેધી બાણ છોડ્યુ અને મોહમ્મદ ઘોરી માર્યો ગયો.

ઈતિહાસમાં લખ્યુ છે કે, 'મોહમ્મદ ઘોરીની કોઈ તેના દુશ્મને હત્યા કરી હતી.' ઘોરીનો કોઈ પુત્ર ન હોવાથી તેના એક વિશ્વાસુ ગુલામ અને સિપાહી કુતુબુદ્દીન એબકે ભારતમાં ઘોરી દ્વારા જીતેલ રાજ્યને દિલ્લી સલ્તનતનુ રૂપ આપ્યુ અને ગુલામ વંશનો પાયો મૂક્યો. આ રીતે પૃથ્વીરાજ ચૌહાણની હારથી ભારતના ઈતિહાસને વળાંક મળ્યો.



શિ० १
श्रीकृष्णायनमोनमः॥ ॥श्री
सहजानंदस्वामिनेनमोनमः॥
॥अथशिक्षापत्रीलिख्यते॥ ॥
श्लोकः॥ वामेयस्यस्थिताराधा
श्रीश्चयस्यास्तिवक्षसि॥ वृंदावन
विहारंतंश्रीकृष्णंहृदिचिंतये॥१ १

લાલ કોટા કિલ્લાનું નામ પાછળથી પૃથ્વીરાજની યાદમાં તેનુ નામ 'રાય પિથોરા' કરી દેવામાં આવ્યુ. રાય પિથોરા પૃથ્વીરાજને કહેતા હતા. આ કિલ્લો આ સાહસી સમ્રાટની યાદ અપાવે છે.

વળી, વસંત પંચમી આપણને ગુરુ રામસિંહ કુકની યાદ અપાવે છે. ગુરુ રામસિંહ કુકને આધ્યાત્મિક વૃતિ વધારે હોવાને કારણે લોકો એ તેમના ઉપદેશો સાંભળવાનું શરૂ કર્યું. ધીરે ધીરે તેમના શિષ્યોએ એક અલગ સંપ્રદાય ચાલુ કર્યો જે 'કુકપંથ' કહેવાતો.

ગુરુ રામસિંહ ગૌરક્ષા, સ્વદેશી, સમૂહ લગ્ન વગેરે પર ખુબ જ ભાર મુકતા હતા. તેમણે પણ પહેલા બ્રિટીશ શાસનનો બહિષ્કાર કરીને પોતાની સ્વતંત્ર ટપાલ અને વહીવટી તંત્રની શરૂઆત કરી. દર વર્ષે મકરસંક્રાંતિ પર 'ભૈની' ગામમાં મેળો ભરાય છે. ૧૮૭૨માં મેળામાં આવતા તેમના એક શિષ્યને મુસ્લિમોએ ઘેરી લીધો હતો. તેની કતલ કરી તેના મોઢામાં માસ નાખ્યું. આ સાંભળી ગુરુ રામસિંહના શિષ્યો ઉશ્કેરાઈ ગયા તેઓએ ગામ પર હુમલો કર્યો. પરંતુ બ્રિટીશ સૈન્ય બીજી બાજુથી આવી ગયું તેથી યુદ્ધનો પાસો ફરી ગયો.

આ સંઘર્ષમાં ઘણા કુકાશૌર્ય શહીદો માર્યા ગયા હતા, ૬૮ કબ્જે કરવામાં આવ્યા તેમાંથી પચાસને ૧૭ જાન્યુઆરી ૧૮૭૨ના રોજ 'માલેરકોટલા' ખાતે ટોપની સામે ઉડાવી દેવાયા. બીજા ૧૮ લોકોને બીજા દિવસે ફાસી દેવાઈ. તેથી બે દિવસ પછી ગુરુ રામસિંહને પણ પકડી લેવાયો ને બર્માની માંડલે જેલમાં મોકલવામાં આવ્યા. તેમને ૧૮૮૫માં ત્યાં ૧૪ વર્ષ સુધી કઠોર અત્યાચારો સહન કર્યા પછી તેમનું શરીર બલિદાન અપાયું.

વસંતપંચમી રાજા ભોજના જન્મ દિવસ પર આવે છે. રાજા ભોજ આ દિવસે એક મોટા ઉત્સવની ઉજવણી કરતા; જે ચાલીસ દિવસ સુધી ચાલતો અને અનેક લોકો માટે મોટો તહેવાર રાખવામાં આવતો.

વસંત પંચમી હિન્દી સાહિત્યની અમર વિભૂતિ મહાકવિ 'સૂર્યકાંત ત્રિપાઠી' 'નિરાલા'ની જન્મજયંતી છે. નિરાલાજીને ગરીબો પ્રત્યે અપાર પ્રેમ હતો; તેથી તેઓ ખુલ્લા મનથી પૈસા અને કપડા ગરીબોને આપતા આ કારણોસર લોકો તેને 'મહાપ્રાયન' કહેતા.

અનુસંધાન પેજ નં. ૧૫ પર..

પાર્ષદ શ્રી રમેશ ભગત ગુરુ :- પ. પૂ. સદ્. શ્રી હરિજીવનદાસજી સ્વામી

About = Paragraphs: 15, Lines: 68, Words: 658, Characters: 3614.

ગતાંકથી ચાલુ

પછી શ્રીહરિએ જગાડી દીધા. જાગીને ચાલતા થયા ત્યાં તો ચારે બાજુ મોટાં મોટાં મકાનો જોયાં. તેથી ગોવિંદરામના મનમાં થયું કે, 'આ કયું શહેર હશે !' કોઈને પૂછવા માટે રાતના બે વાગ્યે બુરાનપુરની બજારમાં સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા નીકળ્યા.

ત્યાં રસ્તામાં મરવા પડેલા કેટલાક માણસો બેઠા હતા, કેટલાક મરી ગયા હતા, કેટલાક અતિ બિમાર હતા. પણ તે બધાએ સ્વામિનારાયણ મહામંત્ર કાને સાંભળ્યો ત્યાં તો રોગી હતા તે નિરોગી થયા ! મરી ગયા હતા તે બેઠા થયા !

ગોવિંદરામ ભગત જેવા નિષ્ઠાવાળાના મુખેથી બોલાયેલા શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો આ પ્રતાપ હતો..!

આમ, ગોવિંદરામ સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા ચાલ્યા જતા હતા, ત્યાં ચોકી કરનારા સિપાઈઓ મળ્યા. તેમણે પૂછ્યું, "તું કોણ છો ?"ત્યારે ગોવિંદરામ કહે, "હું સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત છું. ને અહીંના રાજાએ સ્વામિનારાયણ ભગવાનના ભક્તોને કેદ કર્યા છે, તેથી તેમણે મને ભક્તોને છોડાવવા માટે મોકલ્યો છે." ત્યારે ચોકીવાળા કહે, "તું શું છોડાવતો હતો ? અહીંથી ભાગી જા; નહીંતર હમણાં તને જ અમે કેદ કરશું." એમ કહી જ્યાં પકડવા જાય છે ત્યાં ભટ્ટનું શરીર વામન ભગવાનની જેમ વધ્યું.

તે જોઈ સિપાઈઓ ત્રાસ પામીને નાઠા. પછી ગોવિંદરામ ભટ્ટ શહેર તરફ ચાલ્યા. ત્યાં ગુપ્તપણે ફરતી મારિકાગણની ચોસઠ જોગણીઓ મળી. ગોવિંદરામે તેને બે હાથ પહોળા કરીને ઝાલી લીધી અને શહેરના કોટથી બહારના કાંઠે ફગાવી, તે સર્વે મારિકાઓ સંન્યાસીઓના મંદિર માથે પડી



અને તેનું મંદિર તૂટી ગયું. તે સહુનું મોત થયું. અને શહેરમાં મરકીનો રોગ ચાલતો હતો, તે સર્વે દૂર થયો. આ બધો સર્વોપરી શ્રીહરિ અને તેમના ભક્તનો પ્રતાપ છે.

પછી ગોવિંદરામ શહેરમાં ગયા અને સિદ્ધની પેઠે આવરણ રહિત થઈ ભીંત સોંસરા પ્રવેશ કરી કેદખાનામાં પહોંચ્યા. ચોકીદારો સહુ જોઈ રહ્યા. કોઈ કાંઈ કરી શક્યા નહિ. ત્યાં જઈ સહુ ભક્તોને મળ્યા. અને શિવાશાહને મહારાજનો પત્ર આપ્યો અને કોટમાં પહેરેલ ગુલાબનો હાર તેમને પહેરાવ્યો. એટલે તરત તેમની કોટમાં બીજો હાર આવી ગયો. તે બીજા ભક્તને પહેરાવ્યો. આવી રીતે જેટલા ભક્ત હતા, તેટલા ગુલાબના હાર કાઢી સર્વે ભક્તોના કંઠમાં પહેરાવ્યા.

આવો શ્રીહરિએ તેમના દ્વારા અપાર પ્રતાપ જણાવ્યો. પછી સહુ ભક્તોએ શ્રીહરિનો પત્ર વાંચ્યો. તેમાં લખ્યું હતું, 'તમો કાંઈ ચિંતા કરતા નહિ, સવારમાં રાજા તમારું સન્માન કરશે.' તે જાણી ભક્તોને અતિ આનંદ થયો અને ગોવિંદરામ રૂપે સ્વયં શ્રીહરિ જ પધાર્યા છે, એમ માની દંડવત કરવા લાગ્યા.

ત્યારે તે ગોવિંદરામ કહે, "મહારાજ તો ગઢડા બિરાજે છે. હું તો તેમની આજ્ઞાથી આ પત્ર તથા પ્રસાદીનો હાર દેવા આવ્યો છું. તમે કાંઈ ચિંતા કરતા નહીં." એમ કહી સહુની રજા લઈ તાપી નદીએ આવ્યા.

તાપીમાં સ્નાન કરવા ડૂબકી મારી. ત્યાં શ્રીહરિએ પોતાની યોગકળાથી તેમને ઘેલા નદીમાં કાઢ્યા. નદીને કાંઠે નીકળ્યા ત્યારે સવારના ચાર વાગ્યા હતા. ઘણા સંતો-ભક્તો શ્રીહરિનું સ્મરણ કરતા થકા સ્નાન કરતા હતા.

આ બાજૂ પોલીસે રાજાને જાણ કરી કે, 'સ્વામિનારાયણ ભગવાને કોઈ વૃદ્ધને અહિંયા મોકલ્યો હતો, તે અહિંયા આવ્યો ને તેમને દિવાલનું આવરણ નડ્યું નહિ. ચોકીદર જુવે તેમ અંદર ગયા અને ત્યાં ભક્તોને પત્ર આપ્યો ને ધીરજની વાતો કરી તેથી જેલ પુરેલા ભક્તો બધા વિશેષ આનંદથી ભજન કરવા લાગ્યા. ને વળી તે વૃદ્ધ તો પાછા ગઢપૂર જતા રહ્યા.'

પોલીસ પાસેથી આ બીના જાણીને રાજાએ બધા જ સત્સંગીઓને પોતાની પાસે બોલાવ્યા. અને બધી હકીકત પૂછી ને પછી કહ્યું કે, 'તમારા પ્રભુએ પત્ર મોકલ્યો હતો. તેમાં શું લખ્યુ છે?'

ત્યારે હરિભક્તોએ પત્ર રાજાને વાંચવા આપ્યો, ને રાજા પત્ર વાંચે છે; ત્યાં જ સાંબેલાની ધારે ધોધમાર વરસાદ પડવા લાગ્યો. તે પત્રમાં લખ્યું હતું કે, 'રાજાએ તમોને કેદમાં પૂર્યા છે તે અમે અંતર્યામી શક્તિથી જાણ્યું છે. તમને છુટા કરાવવા માટે અમે ગોવિંદરામને મોકલ્યા છે ને હવે ત્યાં વરસાદ થશે ને મરકીનો રોગ પણ ચાલ્યો જશે.ને તાપીમાં પુર આવશે,ને રાજાના ગુરૂ કે જેણે રાજાને અવળો ઉપદેશ કરીને, તમને દુ:ખ અપાવ્યું છે. માટે તે રાજાનો ગુરૂ પણ તાપીના પૂરમાં તણાય જશે.'

અને રાજાએ ગુરૂની તપાસ કરાવી તો ગુરૂનો ક્યાંય પતો જ લાગ્યો નહિ. પછી રાજાને લાગ્યું કે, 'આ હરિભક્તો સાચા છે અને તેમના ગુરૂ પણ સાચા ભગવાન છે; માટે અંતર્યામી જાણી ને પત્ર અહીં મોકલ્યો છે. મારા ગુરૂ તો ખોટા હતા.

પછી રાજાએ ખૂબ રાજી થઈને બધા જ હરિભક્તોને શિરપાવ આપ્યો અને બધા જ ભક્તો પાસે પોતાની ભૂલની માફી માગી,અને વળી તે રાજાએ બુરાનપુરમાં મોટું શિખરબદ્ધ મંદિર રાજના ખર્ચે બાંધી આપ્યું. જે આજે પણ બુરાનપુરમાં મોજુદ છે; બુરાનપુર જાવ તો દર્શન કરવા ચોક્કસ જજો તે પ્રસિદ્ધ તીર્થધામ છે.

Harismruti

# ભગવાને આપેલી ભેટ (માનત દેહની મૂલ્યતા ભાગ-૧)

All Images Maps Videos News ⋮More Settings Tools

ડૉ. તનુજ દિયોરા (MBBS)

About = Paragraphs: 24, Lines: 79, Words: 698, Characters: 3736.

વ્હાલા ભક્તજનો ! આપણને ઘણીવાર રોજીંદા જીવનમાં સાવ સહેલાઈથી મળેલ વસ્તુની કિંમત આપણને થતી નથી. આપણને મળેલ માનવ શરીરમાં પણ કોઈક આવું જ છે. તેથી આજે આપણે ભગવાને આપેલી સૌથી મોટી ભેટ આ માનવ શરીર વિશે જોઈશું.

વચનામૃત ખગોળ-ભૂગોળ પ્રમાણે આપણને આપણા ૧,૦૮,૮૬, ૪૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (૧૦ રતન ૮૮ શંખ ૬ પરાર્ધ ૪ મધ્ય) વર્ષો જાય ત્યાર બાદ આ મનુષ્ય જન્મ મળે છે. એટલે જ તો મહારાજ તે વચનામૃતના અંતે જે ભલામણ કરે છે, તે પ્રસાદીના શબ્દો જોઈએ....,

"જો આજ એ વાત નહિ સમજો ને આવો મનુષ્યદેહ મોક્ષનાં સાધનનું ધામ છે તે વૃથા હારશો તો ફરી પાછો આવો જોગ મળવાનો વિલંબ તો મોરે લખ્યો એટલો છે. તે પ્રમાણે ભોગવીને તે અવધિ પૂરી થાશે તે દિવસ જોગ મોક્ષ થાવાનો થાશે. તે દી જો વિચારશો તો થાશે ને નહિ વિચારો તો તે દી પણ મોક્ષ થાશે નહિ; એ સિદ્ધાંત વાર્તા છે."

આમ, આ માનવશરીરની મહત્તા અને તેના દ્વારા કરવા યોગ્ય કાર્ય દક્ષતા વિશે આપણે જોઈશું.

સૌ પ્રથમ તો માનવશરીરની મહત્તામાં એક-એક ઈન્દ્રિય વિશે જાણીશું જેનાથી આ માનવશરીરની રચના થઈ છે.

સૌ પ્રથમમાં આપણે એક ઈન્દ્રિય વિશે જાણીશું જેના વગર જીવન જીવવું સદંતર કઠિન છે. અને એ છે; આપણી 'આંખ' કે, જેના દ્વારા તમે આ લેખ વાચી રહ્યા છો.

સૃષ્ટિના સર્જનહારે, તેમની આ સુંદર રચનાને જોઈ શકીએ તે માટે આંખોનું નિર્માણ કર્યું છે. આંખ એ પરમાત્માએ આપેલ ખૂબ જ અમૂલ્ય ભેટ છે. તેની વિકાસ પદ્ધતિ જોઈએ.

આંખ બનવાની શરૂઆત 'માઁ'ના ગર્ભમાં ૧૭માં દિવસથી જ શરૂ થઈ જાય છે. અને ૭માં અઠવાડીયે તો આંખના સર્વે ભાગોનો વિકાસ થાય છે. તેમજ ૩૪માં અઠવાડીયામાં બાળકની આંખ કલર ઓળખી શકે છે. હલન-ચલન કરી શકે છે.

પણ જેમ આપણને બધું જ સારી રીતે જોઈ શકીએ છીએ; બાળક જ્યારે ૪-૫ વર્ષનું થાય ત્યારે એ અડલ્ટ રીતે કહેતા ખુબ જ સારી રીતે જોઈ શકે છે. આમ, માનવ શરીરના ૪-૫ વર્ષમાં આંખોનો સંપૂર્ણ વિકાસ થાય ગયો હોય છે.

આંખના ૨૦ લાખ જેટલા અંશો એકસાથે કામ કરે ત્યારે જ આપણે જોઈ શકીએ છીએ. અને આ આંખનું વજન માત્ર ૨૮ ગ્રામ જેટલું જ હોય છે. હવે આપણે આંખમાં જે જુદા જુદા મહત્વના ભાગો મહારાજે આપણને આપ્યા છે. તે વિશે જોઈશું.


(૧) Puipl (કીકી) = આંખમાં રહેલ કથ્થાઈ ડોળામાં વચ્ચે આવેલ

કાળો ભાગ તે કીકી. આ કીકી દ્વારા બહારની દ્રશ્ય અંદર લઈને રેટીના લેયરને આપે છે.

(૨) Retina layer = કીકીથી મળેલ દ્રશ્યને મગજ સુધી પહોચાડે છે.આ લેયર 576 M.P. માં પણ સારી એવી ચોખ્ખાઈ(ખધિોદશ) આપે છે.

(૩) Cilliary Body = જે પોતાના સ્નાયુ વડે લેન્સને પકડી રાખે છે.

(૪) Brown Muscle = બહારના પ્રકાશ મુજબ કીકીને નાની-મોટી કરે છે. જ્યારે આપણે મટકા મારીએ ત્યારે Aqueous Humor નામે પ્રવાહી છોડે છે. જે આંખને ભેજવાળી અને લુબ્રીકેન્ટ (લીસી) રાખે છે.આ Brown Muscle અને iris ને કેમેરાની ભાષામાં 'અપરચર' કહેવાય છે.



Right Eye (viewed from above)

'i Phone 11pro'ની અપરચર(aperture) f/1.8, f/2.0 છે.જ્યારે મહારાજે આપણને આપણી આંખનું અપરચર f/8.3 M.M. આપ્યું છે,અને આ Aqueus humor પ્રવાહી આંખના દબાણ પર નિયંત્રણ કરે છે.

(૫) lens = ગમે તે દિશાથી પકડતા દ્રશ્યને બને તેટલા ચોખ્ખા કરે છે. આ લેન્સ પારદર્શક હોય છે. આ લેન્સ ખરાબ થતા મોતીયો આવે છે. મોતિયાના ઓપરેશનમાં લેન્સ બદલાવવામાં આવે છે.

(૬) cornea = આ આંખનું સૌથી બહારનુ પારદર્શક લેયર છે. આંખ ટ્રાન્સપ્લાન્ટમાં આજ લેયર બદલતા હોય છે. પણ આખી આંખ નહિ. સંપુર્ણ માનવશરીરમાં આ એક જ એવો અંગ છે, જેમાં લોહીનું પરીભ્રમણ નથી.

આંખની અંદરના પડદા 'રેટીના' પર ૧૨૦ લાખ કોષો સાંઠીકડા આકારના (rods) હોય છે, જે પ્રકાશ પારખે છે. ૬૦ થી ૭૦ લાખ કોષો શંકુ આકારના (cones) હોય છે, જે રંગ પારખે છે. આંખના પોપચાં દર મીનીટે આશરે ૧૫ વખત પલકે છે. નહીતર અંધાપો આવી જાય. આંખ ૮૦ લાખ રંગ પારખે. આંખનાં પોપચાં નીચે કોઈ હાનીકારક જંતુ દાખલ થાય તો આંખના ડોળા આંસુની અંદર લયસોઝોમ (laysozyme) નામનો જંતુનાશક (antiseptic) પદાર્થ પેદા કરે છે, જે જંતુઓનો નાશ કરે છે.

આદર્શ પરીસ્થિતિમાં માનવ આંખ ૧૪ માઈલ દુર સળગતી મીણબતીનો પ્રકાશ જોઈ શકે છે. આંખના હાલનચલન માટે જવાબદાર બાહ્ય સ્નાયુઓ જરૂરિયાત કરતાં ૧૦૦ ગણા મજબુત હોય છે. આંખ એક સેકન્ડ માં ૫૦ વસ્તુઓ પર ફોકસ કરે છે. આપણું અડધું મગજ જોવાની ક્રિયા સાથે સંકળાયેલું રહે છે.

વ્હાલા ભક્તો ! આવી તો ઘણી બાબતો આપણી આ ૨૮ ગ્રામની આંખ સાથે સંકળાયેલી છે. જુઓને ! સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં જણાવે છે..

જોતાં મુંઝાઈ જાય મત, એવું કર્યું ભાત ભાતનું રે;
એણે કર્યું એવું એક થાય, નહિ જરૂર જાણીએ રે

માટે આપણે મળેલ માનવદેહનો સુયોગ્ય ઉપયોગ કરીશું તો જરુર સુખી થઈશુ...!!!

# સંસ્થા સમાચાર

## અન્નકૂટ વિતરણ

હરિગીતામાં ભક્તિમાતાને બાળ ઘનશ્યામે સાધુતાના સર્વ ગુણોમાં પ્રથમ સ્થાન જેને આપ્યુંએવો એક ગુણ છે દયા.

વ્હાલા ભક્તો ! આ એક ગુણ છાજે એવો એક સંકલ્પ પૂ. ગુરુજીએ દિવ્ય દશાબ્દી મહોત્સવને નિમિત્ત બનાવીને કર્યો. જેને અનુલક્ષીને ધનુર્માસ કથા દરમિયાન તા. ૧૨/૦૧/૨૦૨૦ના રોજ મંચસ્થ બિરાજમાન શ્રી રાજાધિરાજ મહારાજની સમીપે ૧૧૧વાનગીઓથી ભરપૂર એવો એક અન્નકૂટ ધરાવવામાં આવ્યો. આ તમામ વાનગીઓને કુલ વજન ૪૫૦ કિલો હતું.

ત્યારબાદ આ વાનગીઓને કુલ ૧૩૦૦ પેકેટમાં ભરવામાં આવી અને પૂ. ગુરુજીના આદેશ મુજબ સર્વે સંતોએ સ્વયંસેવકોને સાથે લઈને આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસી પરિવારોના બાળકોને આ તમામ પેકેટનું સસ્નેહ વિતરણ કરવામાં આવ્યું.

## ધાબળા વિતરણ

હાલના સમયમાં કડકડતી કાતિલ ઠંડીમાં જેમને રાત્રે ઓઢવા માટે આકાશ અને પાથરવા માટે પૃથ્વી જ હોય છે; તેવા દીન લોકોની અત્યંત કરુણાજનક પરિસ્થિતિને નજરમાં લાવીને પૂ. ગુરુજીએ લાડીલા શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કરવા માટે દિવ્ય દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં એક 'ધાબળા વિતરણ'નો પણ સંકલ્પ કર્યો.

જેના ભાગરૂપે નવા ધાબળાઓ લઈને પૂ. સંતોએ સ્વયંસેવકોને સાથે રાખીને રાત્રે-રાત્રે ગરીબોને ધાબળાઓ ઓઢાડીને દરિદ્રનારાયણનો રાજી કર્યા.

## શૌર્ય સહાય સભા

૨૨/૦૧/૨૦૨૦ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ગુણાતીત સત્સંગ હોલમાં 'શૌર્ય સહાય' સભાનું આયોજન થયું. જેમાં આપણી યુવા સભાના યુવાન અંકિતભાઈ ગઢડાએ શહીદ સૈનિકોના ખમીરવંતા પ્રસંગોની છણાવટ કરી.

આપણા દેશની સુરક્ષા માટે ખડેપગે ૩૬૫ દિવસ અને ૨૪ કલાક ફરજ બજાવતા બજાવતાં જેઓ શહીદ થયા છે; એવા અમર જવાનોના કુટુંબીઓની પરિસ્થિતિને સહાય કરતી 'I SUPPORT FOUNDATION' સંસ્થાના સભ્ય ભરતભાઈ તથા તેના સાથી કાર્યકર્તાઓ હાજર રહી સભાને સંબોધી હતી. ત્યારબાદ ગુરુજીએ પણ દેશભક્તિ જાગે તેવી વાતો કરી. અને સભાના અંતે અમર જવાનોના પરિવારને સહાય આપવા શૌર્યપાત્ર લઈને સૌ યુવાનોએ ધન્યતા અનુભવી.



દિવ્ય દશાબ્દી મહોત્સવ પ્રસંગે હરિભક્તોના ઘરે-ઘરે પધરામણી કરી મહોત્સવનું આમંત્રણ આપી પુસ્તક ભેટ પ્રદાન કરતા પૂ. સંતો.



દિવ્ય દશાબ્દી મહોત્સવ પ્રસંગે ગરીબોને ધાબળા વિતરણ કરતા પૂ. સંતો.





તા. ૩૧/૧૨/૨૦૧૯ના રોજ સાહિત્યની વાતો કરી આશિષ મેળવતા અંકિતભગત અને પોતાના હૃદયની ઊર્મિ રજુ કરતા ભક્તો.







વડતાલ ખાતે યોજાયેલ 'સંતદિક્ષા મહોત્સવ'માં સદ્. શ્રી નિત્યસ્વરુપદાસજી સ્વામી (સરધાર)ના
૫૫ પાર્ષદોએ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના વરદ હસ્તે લીધી ભાગવતી દિક્ષા.

OWNER : Shree Swaminarayan Trust, PUBLISHER & PRINTER : Swami Prabhucharandasji Guru Harijivandasji,
PRINTED AT : Harikrushna Graphics, 703, Sarovar Complex, B/h. Samudra Complex, C.G. Road, Navarangpura, Ahm'd.
PUBLISHED : Shree Swaminarayan Mandir, Ved Road, Shajanand Chok, Surat - 395004 Gujarat.